<u>DISCLAIMER:</u> The translated judgements in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

અહેવાલયોગ્ય

ભારતની સર્વોચ્ચ અદાલત સમક્ષ

ફોજદારી અપીલીય હકૂમત

ફોજદારી અપીલ નંબર 353/2020

સતીષકુમાર ન્યાલચંદ શાહ... અપીલકર્તા

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને અન્યો .... સામાવાળાઓ

ચુકાદો

<u>ન્યાયમૂર્તિ એમ. આર. શાહ</u>

ગુજરાત ઉચ્ચ ન્યાયાલય, અમદાવાદ મધ્યેના ખાસ ફોજદારી અરજી નં. ૮૭૦૪/૨૦૧૮ માં પરચુરણ અરજી નં.૧/૨૦૧૮ માં તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજના વાદગ્રસ્ત ચુકાદા, કે જે અન્વયે ખાનગી રિસ્પોન્ડન્ટે ઉચ્ચ અદાલત પાસે અન્ય વ્યક્તિઓ (અપીલકર્તા સિવાયના એક આરોપી જે પહેલાંથી ચાર્જશીટમાં નામજત છે) સામે વધુ તપાસ માટે દાખલ કરવામાં આવેલ વિશેષ ફોજદારી અરજી નં. ૮૭૦૪/૨૦૧૮ માં હાલના અપીલકર્તાની પક્ષકાર તરીકે જોડવાની અરજી ફગાવેલ, તેનાથી વ્યથિત અને

અસંતુષ્ટ થઇ હાલના અપીલકર્તાએ હાલની આ અપીલ દાખલ કરી છે.

(૨) હાલની અપીલ તરફ દોરી જતી હકીકતો નીચે મુજબ છેઃ

તા. 26.01.2001 ના રોજ આવેલા ભૂકંપમાં સંખ્યાબંધ ઇમારતો ધરાશાયી થઈ હતી, જેમાં અમદાવાદના વેજલપુર ગામમાં આવેલ શિખર એપાર્ટમેન્ટ નામનું બિલ્ડીંગ પણ સામેલ હતું. શિખર એપાર્ટમેન્ટ તૂટી પડવાને કારણે ૯૮ લોકોના મોત થયા હતા. હાલના ખાનગી સામાવાળા – ભોગ બનનારે સેટેલાઇટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના નં. ૫૮/૨૦૦૧ અન્વયે અપીલકર્તા અને અન્યો વિરુદ્ધ ભા.દં.સં. ની કલમ ૩૦૪, ૪૧૮, ૪૨૦ અને ૧૧૪ તથા ગુજરાત ઓનરશીપ ઓફ ફ્લેટ્સની કલમ–૩(૨)(સી) અને (ડી), કલમ–૭(૧)(i) (ii)૨ અને કલમ–૪૨ હેઠળના દંડનીય અપરાધ તથા જીડીસીઆર તેમજ બિલ્ડિંગ બાય–લોઝના ઉલ્લંઘન સબબ એફ.આઇ.આર. દાખલ કરાવેલ. સેટેલાઇટ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર દ્વારા તા.02.05.2001 ના રોજ ઉપરોક્ત ગુના માટે અપીલકર્તા અને અન્ય લોકો સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. એવું જણાય છે કે, સંખ્યાબંધ તબક્કાઓની કાનૂની પ્રક્રિયાઓ પછી, અપીલકર્તા અને અન્ય કેટલાક આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જોકે, ત્રણ આરોપીઓ – યજ્ઞેશ વ્યાસ, સંજય શાહ અને રોનક શાહને ચાર્જશીટમાં સામેલ કરવામાં આવ્યા નહોતા. આ મામલો ફોજદારી અપીલ નં. ૧૪૨૬/૨૦૧૭ સ્વરૂપે આ કોર્ટ સમક્ષ લાવવામાં આવ્યો હતો. એવું જણાય છે કે આ કોર્ટ દ્વારા ઉપરોક્ત અપીલની સુનાવણી દરમિયાન તપાસમાં પ્રગતિ

થઈ હતી અને આરોપી યજ્ઞેશ વ્યાસ અને સંજય શાહ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. આથી, તા.16.07.2018 ના રોજ ઉપરોક્ત ફોજદારી અપીલ નંબર ૧૪૨૬/૨૦૧૭ નો નિકાલ કરતી વખતે આ અદાલતે નોંધ્યું હતું કે, જો હાલના ખાનગી સામાવાળા–ભોગ બનનારને અન્ય એક આરોપીને મુક્ત કરવા સામે કોઈ વાંધો હોય, તો તે વાંધો ઉઠાવી શકે છે અને ટ્રાયલ કોર્ટમાં વાંધા–અરજી દાખલ કરી શકે છે. આ અદાલતે એવું પણ નોંધ્યું હતું કે, હાલના ખાનગી સામાવાળા–ભોગ બનનાર પણ શ્રી એમ. એન. ભૌમિક સામે કામ ન ચાલ્યા બદલ યોગ્ય અદાલતમાં કાર્યવાહી હાથ ધરી શકે છે. તે પછી, હાલના ખાનગી સામાવાળા–ભોગ બનનારે શ્રી ભૌમિક સામે વધુ તપાસ સબબની ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૭૩(૮) અને ૧૫૬(૩) હેઠળ વિદ્વાન ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ, અમદાવાદ (ગ્રામ્ય) સમક્ષ અરજી દાખલ હતી. વિદ્વાન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ (ગ્રામ્ય)એ તા.૨૯/૦૮/૨૦૧૮ ના હુકમ અન્વયે ઉક્ત અરજી, તેનાં ગુણદોષ તેમજ એ આધાર પર ફગાવેલ કે ચાર્જશીટ દાખલ થઈ ગયા પછી મેજીસ્ટ્રેટને ફો.કા.સં.ની કલમ–૧૭૩(૮) હેઠળ વધુ તપાસનો હુકમ કરવાનું હુકુમતક્ષેત્ર નથી.

(૨.૧) આંક–૨૭૫(સી) હેઠળની અરજીમાં વિદ્વાન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટે તા.૨૯/૦૮/૨૦૧૮ ના રોજ ફોજદારી કેસ નં. ૮૫૩/૨૦૦૧ માં પસાર કરેલ હુકમથી વ્યથિત અને અસંતુષ્ટ હાલના ખાનગી સામાવાળાએ ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકશન નં.૮૭૦૪/૨૦૧૮

દાખલ કરેલ. હાલના અપીલકર્તા કે જે ચાર્જશીટમાં નામજત કરવામાં આવેલ છે, તેમણે ઉક્ત સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકશનમાં સામાવાળા નં.૪ રૂપે પક્ષકાર તરીકે જોડાવવા અરજી આપેલ. ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશે વાદગ્રસ્ત ચુકાદા અને હુકમ અન્વયે ઉક્ત અરજી ફગાવી દીધેલ. આથી હાલની અપીલ કરવામાં આવી છે.

(૩) અપીલકર્તા વતી વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મનિન્દર સિંહ, હાલના ખાનગી સામાવાળા સ્વયં પક્ષકાર તરીકે અને વિદ્વાન વકીલ શ્રી અનિરુદ્ધ માયી સામાવાળા–રાજ્ય તરફે ઉપસ્થિત થયા.

(૩.૧) અપીલકર્તા વતી હાજર વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મનિન્દર સિંહે ભારપૂર્વક દલીલ કરી કે કેસના તથ્યો અને સંજોગોમાં ઉચ્ચ અદાલતે ભોગ બનનારે દાખલ કરેલી રીટ અરજીમાં અપીલકર્તા–સહ–આરોપીને પક્ષકાર તરીકે દાખલ કરવાનો ઇનકાર કરવામાં ગંભીર ભૂલ કરી છે.

(૩.૨) અપીલકર્તા વતી હાજર વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મનિન્દર સિંહે વધુમાં જણાવ્યું હતું કે, ઉચ્ચ અદાલતે તે હકીકતને યોગ્ય રીતે ધ્યાને લીધી નથી અને તેના પર વિચાર નથી કર્યો કે, આથુલ રાવ વિ. કર્ણાટક રાજ્ય (2018) 14 એસસીસી 298 ના કેસમાં આ અદાલતે ઠેરવ્યું છે તે મુજબ ફરિયાદી ન હોય તેવી વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ વધુ તપાસનો નિર્દેશ માંગતી કાર્યવાહી ટકવાપાત્ર નથી.

(૩.૩) અપીલકર્તા તરફે હાજર વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા વધુમાં રજૂઆત

કરવામાં આવી છે કે, આ અદાલત દ્વારા અમૃતભાઇ શંભુભાઈ પટેલ વિ. સુમનભાઈ કાંતિભાઈ પટેલ (૨૦૧૭) ૪ એસ. સી. સી. ૧૭૭ ના કેસમાં પહેલાં જ ઠેરવેલ છે કે એકવાર ચાર્જશીટ દાખલ થઇ જાય પછી ફરિયાદીને સી.આર.પી.સી. ની કલમ ૧૭૩(૮) હેઠળ અરજી દાખલ કરવાનો કોઈ અધિકાર નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે હાલના કેસમાં ચાર્જશીટ ક્યારનીયે દાખલ કરવામાં આવી છે અને ફરિયાદીનો પુરાવો લેવાઇ ચુક્યો છે અને તેથી ખાનગી સામાવાળા દ્વારા કરવામાં આવેલ સીઆરપીસીની કલમ–૧૭૩(૮) હેઠળની વધુ તપાસ માટેની અરજી નામંજૂર કરીને વિદ્વાન ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટે યોગ્ય જ કર્યું છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે, જો અપીલકર્તાને સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકશનમાં સામાવાળા પક્ષકાર તરીકે સામેલ કરવાની મંજૂરી આપીને તક આપવામાં આવી હોત, તો તેઓ ઉપરોક્ત પાસાઓ તરફ ધ્યાન દોરી શક્યા હોત અને ગુણદોષ પર કેસ રજૂ કરી શક્યા હોત.

(૩.૪) એવી રજૂઆત કરવામાં આવી છે કે, આ સિવાય પણ, ઉચ્ચ ન્યાયાલય સમક્ષની રીટ પિટિશનમાં કરવામાં આવેલ આરોપોને ધ્યાનમાં રાખતાં, એટલે કે ખાનગી સામાવાળાએ તપાસ અધિકારીએ યોગ્ય રીતે તપાસ નહીં ધરી હોવાનો તપાસ એજન્સી સામે આરોપ મૂક્યો છે, જ્યારે અપીલકર્તા આરોપી છે, તો તે એક અનિવાર્ય અને યોગ્ય પક્ષકાર છે અને તેની ગેરહાજરીમાં વિવાદની વિષયવસ્તુનો અસરકારક ન્યાય–નિર્ણય થઈ શકે નહીં.

(૩.૫) સીઆરપીસીની કલમ–૧૭૩(૮) હેઠળ વધુ તપાસ માટે ખાનગી સામાવાળા દ્વારા અત્રે કરવામાં આવેલી અરજી સબબ અપીલકર્તા તરફે હાજર

વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા અન્ય ઘણી રજૂઆતો કરવામાં આવી છે. જોકે, નીચે જણાવેલા કારણોસર અને વિદ્વાન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ દ્વારા પસાર કરાયેલ હુકમ સામેની મુખ્ય મેટર, એટલે કે સીઆરપીસીનીની કલમ–૧૭૩(૮) હેઠળ વધુ તપાસ સબબની વિશેષ ફોજદારી અરજી ઉચ્ચ ન્યાયાલય સમક્ષ પડતર હોઇ, અમે સીઆરપીસીની કલમ–173(8) હેઠળ વધુ તપાસ માટે હાલના ખાનગી સામાવાળા દ્વારા કરવામાં આવેલી અરજીના ગુણદોષ પર વિચાર કરવાનું યોગ્ય ગણતાં નથી.

(૩.૬) અપીલકર્તા વતી હાજર વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી મનિન્દર સિંહે તેમની રજૂઆત કે, જે કાર્યવાહીમાંથી અપીલ અથવા અરજી ઉદ્ભવી હોય છે તે કાર્યવાહીના તમામ પક્ષકારોને અપીલ અથવા અરજીમાં પક્ષકાર બનાવવા રહ્યા, તેના સમર્થનમાં ગુજરાત હાઇકોર્ટ રૂલ્સ, ૧૯૯૩ ના નિયમ–૫૧નો આધાર લીધો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે, આથી પણ અને હાલના અપીલકર્તા ફોજદારી કેસ નં.૮૫૩/૨૦૦૧માં પક્ષકાર હોઇ, ખરેખરમાં હાલના ખાનગી સામાવાળાઓએ સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકશનમાં અપીલકર્તાને જોડવાં જોઇતા હતા.

(૪) હાલની અપીલનો હાલના ખાનગી સામાવાળા તેમજ ગુજરાત રાજ્ય વતી હાજર વિદ્વાન વકીલ શ્રી માયી દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યો છે.

(૪.૧) ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે કે સીઆરપીસીની કલમ–૧૭૩(૮) હેઠળ શ્રી ભૌમિક નામના એક અન્ય આરોપીના સંબંધમાં વધુ તપાસ

માટે કરવામાં આવેલી અરજીમાં અપીલકર્તાને કોઈ અધિકાર નથી, કારણ કે અપીલકર્તા પહેલેથી જ ચાર્જશીટમાં નામજત છે અને તેની સામે કેસ ચાલી રહ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકશનમાં હાલના ખાનગી સામાવાળાએ સીઆરપીસીની કલમ ૧૭૩(૮) હેઠળની અરજી ફગાવી દેતાં વિદ્વાન ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટના આદેશને પડકાર્યો છે, જે મૂળભૂત રીતે એક બીજા આરોપી શ્રી ભૌમિકના સંદર્ભમાં કરવામાં આવેલ કેમ કે તેની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી નહોતી, અને આથી હાલના અપીલકર્તાને અનિવાર્ય અને/અથવા યોગ્ય પક્ષકાર ન કહી શકાય. એવી રજૂઆત કરવામાં આવી છે કે સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકશનને મંજૂરી આપવામાં આવે અને શ્રી ભૌમિક વિરુદ્ધ સીઆરપીસીની કલમ–૧૭૩(૮) હેઠળ વધુ તપાસ માટેની અરજીને મંજૂરી આપવામાં આવે તો પણ અપીલકર્તાને અસરગ્રસ્ત પક્ષકાર ન કહી શકાય.

(૪.૨) વધુમાં રજૂઆત કરવામાં આવી છે કે પ્રસ્તાવિત આરોપી હોવાના નાતે શ્રી ભૌમિકને પણ સીઆરપીસીની કલમ–૧૭૩(૮) હેઠળની વધુ તપાસ સબબ આ તબક્કે કોઇ રજૂઆત અને/અથવા અધિકાર હોઇ શકે નહિ.

ઉપરોક્ત બાબતોના સમર્થનમાં, **દીનુભાઈ બાઘાભાઈ સોલંકી વિરુદ્ધ ગુજરાત રાજ્ય (2014) 4 SCC 626; નરેન્દ્ર જી. ગોયલ વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય (2009) 6 SCC 65** અને **ભારત સરકાર વિરુદ્ધ ડબ્લયુ એન ચઢ્ઢા 1993 SCC 260** કેસમાંના આ કોર્ટના નિર્ણય પર આધાર લેવામાં આવ્યો છે. રજૂઆત કરવામાં આવી છે કે, આથી જ્યારે સૂચિત આરોપીને આ તબક્કે કોઇ

રજૂઆત કરવાનો અને/અથવા કોર્ટ કાર્યવાહી કરવા–કરાવવવા, કે તેમાં હાજર થઇ સામેલ થવા કોઇ અધિકાર નથી, ત્યારે અપીલકર્તા, કે જેમની સામે પહેલેથી જ ચાર્જશીટ દાખલ થઇ ચૂકી છે, તેમની વિરુદ્ધ ટ્રાયલ ચાલી રહ્યો છે અને તેમની સામે સીઆરપીસીની કલમ–૧૭૩(૮) હેઠળ અરજી દાખલ કરતી વખતે કોઈ રાહત માંગવામાં આવી નથી, તે અપીલકર્તાની કોઇ લોકસ સ્ટન્ડી નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે, આથી ઉચ્ચ અદાલતે હાલના ખાનગી સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી પીટીશનમાં અપીલકર્તાને પક્ષકાર તરીકે સામેલ કરવાનો ઇનકાર કર્યો છે તે યોગ્ય છે.

(૫) ગુજરાત રાજ્ય વતી હાજર વિદ્વાન વકીલ શ્રી માયીએ હાલની અપીલ તેમજ હાલના અપીલકર્તા દ્વારા ઉચ્ચ અદાલતમાં કરવામાં આવેલી અરજીનો પણ વિરોધ કર્યો છે અને રજૂઆત કરેલ કે, અપીલકર્તા, તે સહ–સહઆરોપીઓ પૈકીનો એક છે, જે પહેલેથી જ ચાર્જશીટમાં નામજત છે અને તેની સામેનો ટ્રાયલ ચલાવવામાં આવ્યો છે તેને હાલના ખાનગી સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કોઈ કહેણ અને/અથવા કાયદેસર સ્થાન નથી. આ સિવાય પણ, અપીલકર્તાને અસરગ્રસ્ત પક્ષકાર પણ કહી શકાય નહીં કારણ કે સીઆરપીસીની કલમ–૧૭૩(૮) હેઠળ અરજી દાખલ કરતી વખતે અપીલકર્તા સામે કોઈ રાહતની માંગણી કરવામાં આવતી નથી અને એક બીજા સહઆરોપી શ્રી ભૌમિક કે જેને હજુ ચાર્જશીટમાં નામજત કરવાનો બાકી છે તેનાં સામે રાહતની માંગણી કરવામાં આવી છે.

(૬) સંબંધિત પક્ષકારો તરફે હાજર વિદ્વાન કાઉન્સેલ્સને લંબાણપૂર્વક સાંભળ્યા.

(૬.૧) સૌપ્રથમ એ નોંધવું જરૂરી છે કે, હાલની કાર્યવાહીનો ઉદ્ભવ ખાનગી સામાવાળા દ્વારા શ્રી ભૌમિક, કે જેની સામે હજુ સુધી ચાર્જશીટ કરવામાં આવી નથી, તેની સામે સીઆરપીસીની કલમ ૧૭૩(૮) હેઠળની વધુ તપાસ માટેની અરજીના કારણે થયો છે. વિદ્વાન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટે ઉક્ત અરજી ફગાવી દીધેલ, જેની સામે ખાનગી સામાવાળાએ હાઇકોર્ટમાં સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લિકેશન કરી હતી. ઉપરોક્ત અરજીમાં, હાલના અપીલકર્તા કે જે એક સહઆરોપી છે અને જે ચાર્જશીટમાં નામજત છે, જેની સામે ટ્રાયલ ચાલી રહી છે, અને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૭૩(૮) હેઠળની અરજીમાં તેમની (હાલના અપીલકર્તા) સામે કોઇ રાહત માંગવામાં આવી ન હોવાં છતાં, તેણે ઉક્ત સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશનમાં પોતાને સામાવાળા તરીકે ઇમ્પ્લીડ કરવા સબબની અરજી રજૂ કરી કે જે વડી અદાલત દ્વારા વાદગ્રસ્ત ચુકાદા અને હુકમ અન્વયે ફગાવવામાં આવી છે. આથી, આ અદાલત સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવેલ સંક્ષિપ્ત પ્રશ્ન એ છે કે, એ અપીલકર્તા કે જે ચાર્જશીટમાં સહઆરોપી તરીકે નામજત છે, જેની સામે ટ્રાયલ ચાલી રહ્યો છે, શું તેને અન્ય એક આરોપી નામે ભૌમિક કે જેની વિરુદ્ધ ચાર્જશીટ દાખલ થયું નથી તેની સામેની ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૭૩(૮) હેઠળની વધુ તપાસ સબબની કાર્યવાહીમાં હાલના અપીલકર્તાને સુનાવણીની કાનૂની પાત્રતા કે લોકસ સ્ટેન્ડી છે કે કેમ?

(૭) સંબંધિત પક્ષકારો અને ખાનગી સામાવાળા તરફેના વિદ્વાન કાઉન્સેલને સાંભળ્યા પછી, અમારો એવો મત છે કે, ભૌમિક નામના અન્ય એક આરોપી કે જેની વિરુદ્ધ આજદિન સુધી ચાર્જશીટ દાખલ થઇ નથી તેની સામે ફો.કા.સં.ની કલમ–૧૭૩(૮) હેઠળ વધુ તપાસની અરજી ફગાવતાં વિદ્વાન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટના હુકમને પડકારતી હાલના ખાનગી સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલ સ્પેશયલ ક્રિમિનલ એપ્લીકેશનમાં તેને ઇમ્પ્લીડ કરવાની હાલના અપીલકર્તાની અરજી ફગાવવામાં વડી અદાલતે કોઇ ભૂલ કરી નથી. એટલે એ બાબત બિલકુલ અકળ છે કે, જે અપીલકર્તા વિરુદ્ધની વધુ તપાસ સબબ કોઇ રાહત માંગવામાં આવી નથી તેની ફો.કા.સં.ની કલમ–૧૭૩(૮) હેઠળની વધુ તપાસ માટેની અરજીમાં કાનૂની હસ્તક્ષેપનો કોઇ અધિકાર કે કહેણ હોઇ શકે. તેઓ એક અનિવાર્ય અને યોગ્ય પક્ષકાર છે તેવું શાથી કહી શકાય (અર્થાત, ન જ કહી શકાય)? અહીં નોંધનીય છે કે, આ અદાલતના **ડબ્લ્યુ. એન. ચક્રા (સુપ્રા), નરેન્દર જી. ગોયલ (સુપ્રા)** અને **દીનુભાઈ બોઘાભાઈ સોલંકી (સુપ્રા)** ના ચુકાદાઓમાં અવલોકન કર્યા મુજબ, પ્રસ્તાવિત આરોપી શ્રી ભૌમિકને પણ વધુ તપાસ માટેની ફો.કા.સં.ની કલમ–૧૭૩(૮) હેઠળની અરજી સબબ આ તબક્કે કોઈ અધિકાર રહેશે નહીં. **શ્રી ભગવાન સમરધા વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય (1999) 5 એસસીસી 740** ના કેસને આ અદાલતે વિચારણાંમાં લીધા બાદ, અન્ય એક ચુકાદા, એટલે કે, **દીનુભાઈ બોઘાભાઈ સોલંકી (સુપ્રા)** ના કેસમાં એવું અવલોકન કરવામાં આવેલ કે ફોજદારી કાર્યવાહી સંહિતાની

કલમ–૧૭૩(૮) માં એવું કંઈ પણ સૂચવવામાં આવ્યું નથી કે વધુ તપાસ માટેનો કોઈ પણ નિર્દેશ આપતાં પહેલાં કોર્ટ આરોપીને સાંભળવા માટે બાધ્ય છે. **શ્રી ભગવાન સમરધા (સુપ્રા)** માં આ અદાલતે પરિચ્છેદ–૧૧માં નીચે મુજબ ઠેરવ્યું છેઃ

> "(૧૧) આવી સ્થિતિમાં વધુ તપાસ હાથ ધરવા પોલીસને આદેશ આપવાની અદાલતની સત્તામાં કોઈ બાધ ન હોઈ શકે.કલમ ૧૭૩(૮) માં એવું કાંઇ સૂચવવામાં નથી આવ્યું કે આ પ્રકારનો કોઈ નિર્દેશ આપતા પહેલાં કોર્ટ આરોપીને સાંભળવા માટે બાધ્ય છે. અદાલત પર આવી કોઈ પણ જવાબદારી લાદવાથી અદાલત પર એ શોધવાનું ભારણ ઊભું થશે કે તમામ સંભવિત આરોપીઓને સુનાવણીની તક આપવામાં આવી છે કે નહિ.જ્યારે કાયદામાં આવી અનિવાર્યતા ન હોય, ત્યારે અમે મેજીસ્ટ્રેટ પર આ પ્રકારના બંધનનો બોજો લાદી શકીએ નહિ."

આથી, જ્યારે આ તબક્કે જેની સામે વધુ તપાસની માંગ કરવામાં આવી છે તેવાં પ્રસ્તાવિત આરોપી નામે શ્રી ભૌમિકને પણ સાંભળવાની જરૂર નથી, ત્યારે હાલના અપીલકર્તા, કે જે સહ–સહઆરોપી છે અને જેની વિરુદ્ધ ચાર્જશીટ કરવામાં આવી ચૂકી છે અને જેની સામે ટ્રાયલ ચાલી રહ્યો છે અને તેની સામે વધુ તપાસમાં કોઈ રાહત માંગવામાં આવતી નથી, તેની સુનાવણીનો પ્રશ્ન રહેતો નથી. આથી, ઉચ્ચ ન્યાયાલય અપીલકર્તાની તેને સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લિકેશનમાં સામાવાળા પક્ષકાર તરીકે ઇમ્પ્લીડ કરવાની અરજી ફગાવવામાં સંપૂર્ણપણે વાજબી છે.

(૮) હવે, જ્યાં સુધી અપીલકર્તા તરફે હાજર વિદ્વાન વરિષ્ઠ વકીલે લીધેલ ગુજરાત હાઇકોર્ટ રૂલ્સના નિયમ–૫૧ ના આધારને સંબંધ છે, અમારો

અભિપ્રાય છે કે આ કેસની હકીકતો અને સંજોગોમાં ફો.કા.સં.ની કલમ–૧૭૩(૮) હેઠળની વધુ તપાસ માટે નિયમ–૫૧ લાગૂ કરી શકાય નહીં. ફો.કા.સં.ની કલમ–૧૭૩(૮) હેઠળ કરવામાં આવેલી અરજીમાંથી ઉદ્ભવતી કાર્યવાહીને નિયમ–૫૧માં જણાવ્યા મુજબની અન્ય કોઈપણ ફોજદારી કેસમાં કરવામાં આવેલ હુકમ વિરુદ્ધની અપીલ કે અરજી સાથે સરખાવી શકાય નહીં. આથી, ગુજરાત હાઈકોર્ટ રૂલ્સનો નિયમ–૫૧, હાલની પ્રક્રિયામાં સહેજ પણ લાગૂ પડતો નથી.

(૮) ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને અને અહીં ઉપર જણાવેલા કારણોસર, હાલની અપીલમાં કોઈ વજૂદ ન હોઇ તેમજ તે નામંજૂર કરવા પાત્ર હોઇ, તેને રદ કરવામાં આવે છે.

....., ન્યાયમૂર્તિ
(અશોક ભુષણ)

....., ન્યાયમૂર્તિ
(એમ. આર. શાહ)

નવી દિલ્હી
૨ માર્ચ, ૨૦૨૦.

This judgment has been translated using AI Tool – SUVAS.

DISCLAIMER: The translated judgements in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.